| | | |
|---|---|---|
| નામ | : | ભાનુશાલી કાજલ દિનેશ ભાઈ |
| સેમેસ્ટર | : | SEM: 1 |
| રોલ નં | : | 271 |
| પી.આર.એન નં | : | COC2025271 |
| વિષય | : | મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ |
| પેપર કોડ | : | MJ-EPS-101 |
| પેપરનુ પૂરુ નામ | : | Inclusive Education And Psychological Strategies |

1. શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અભ્યાસ પદ્ધતિઓ નો કોઈ પ્રશ્નાવલિ અને મુલાકાત પદ્ધતિ સવિસ્તાર વર્ણવો.

## પ્રશ્નાવલી પદ્ધતિ [Questionnaire Method]

| પ્રસ્તાવના |
|---|
| Introduction |

માનવ વર્તન, વલણ, ભાવનાઓ, માન્યતાઓ, સમાજ વ્યવસ્થા અને સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવામાં સર્વે, ઇન્ટરવ્યુ, નિરીક્ષણ, કેસ સ્ટડી જેવી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થતો હોય છે. તેમાં પ્રશ્નાવલી પદ્ધતિ અત્યંત લોકપ્રિય, સુગમ અને વિશ્વસનીય પદ્ધતિ માનવામાં આવે છે.

આ પદ્ધતિમાં સંશોધક સંશોધનના ધ્યેય મુજબ પૂર્વનિર્યોજિત પ્રશ્નો તૈયાર કરીને પ્રતિભાવદાતાને આપે છે. પ્રતિભાવદાતા લેખિત સ્વરૂપે પ્રશ્નોના સ્પષ્ટ અને ચોક્કસ જવાબ આપે છે. કારણ કે અહીં સંશોધકનો સીધો સંપર્ક કે દબાણ રહેતું નથી, પ્રતિભાવદાતા વધારે નિર્ભયતાથી પોતાનું મત, માન્યતા અથવા અનુભવો વ્યક્ત કરી શકે છે.

## અર્થ :-

પ્રશ્નાવલી એટલે વિષયસંગત, સંશોધન ઉદ્દેશ્ય અનુસાર રચાયેલ, ક્રમબદ્ધ લેખિત પ્રશ્નોનો સંગ્રહ, જે પ્રતિભાદાતાને આપી તેમની પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવે છે. પ્રશ્નાવલી નો મૂળ હેતુ એ છે કે પ્રતિભાવદાતાઓ પોતાના વિચાર, માન્યતા, જ્ઞાન, અનુભવો અથવા વર્તન અંગે ચોક્કસ માહિતી લેખિત સ્વરૂપે રજૂ કરે. આ પદ્ધતિ ખાસ કરીને ત્યારે ઉપયોગી સાબિત થાય છે જ્યારે મોટા પ્રમાણમાં લોકો પાસેથી ઓછા સમય અને ઓછા ખર્ચમાં માહિતી એકત્ર કરવાની જરૂર હોય.

વ્યાખ્યા :

" કોઈ સમાજ અથવા જૂથ વિશે માહિતી એકત્રિત કરવા માટે ખાસ તૈયાર કરાયેલા પ્રશ્નાવલી પ્રશ્નોનો ગોઠવાયેલો સંગ્રહ પ્રશ્નાવલી કહેવાય."

" પ્રશ્નાવલી એ એવી વૈજ્ઞાનિક પદ્ધતિ છે જેમાં પ્રશ્નો લેખિત સ્વરૂપે આપી પ્રતિભાવદાતાને પોતાના વિચારો અભિવ્યક્ત કરવાની તક આપવામાં આવે છે".

" પ્રશ્નાવલી એટલે એવા પ્રશ્નોનો સંગ્રહ, જે સંશોધક દ્વારા તૈયાર કરી પ્રતિભાવદાતાને આપીને તેમના જવાબ મેળવવામાં આવે છે".

**પ્રશ્નાવલી પદ્ધતી ના પ્રકારો**

1. સંરચિત પ્રશ્નાવલી
2. અસંરચિત પ્રશ્નાવલી
3. અર્ધ - સંરચિત પ્રશ્નાવલી
4. ખુલ્લી પ્રશ્નાવલી
5. બંધ પ્રશ્નાવલી
6. મિશ્ર પ્રશ્નાવલી

શિક્ષણ, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા સંશોધન ક્ષેત્રમાં માહિતી એકત્ર કરવા માટે જુદા-જુદા સ્વરૂપે પ્રશ્નાવલી પદ્ધતિ નો વ્યાપક પ્રમાણ માં ઉપયોગ થાય છે. દરેક સંશોધનનો હેતુ, વિષય અને પ્રભાવકોની પ્રકૃતિ અલગ-અલગ હોવાથી એક જ પ્રકારની પ્રશ્નાવલી દરેક સ્થળે ઉપયોગી થતી નથી, તેથી પ્રશ્નોના સ્વરૂપ, રચના અને જવાબ આપવાની રીતના આધારે પ્રશ્નાવલી પદ્ધતિને ઉપરયુક્ત પ્રકારોમાં વહેંચવામાં આવે છે.

## સંરચિત પ્રશ્નાવલી

સંરચિત પ્રશ્નાવલી એ એવી પ્રશ્નાવલી છે જેમાં તમામ પ્રશ્નો પૂર્વનિર્ધારિત, સ્પષ્ટ અને નિશ્ચિત સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે છે. તેમાં પ્રશ્નોની ભાષા, ક્રમ અને જવાબના વિકલ્પો પહેલેથી નક્કી કરેલા હોય છે. પ્રતિભાવદાતાએ આ પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. અને તેમાં પોતાનો વ્યક્તિગત અભિપ્રાય આપવાનો હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલી મોટા પ્રમાણમાં માહિતી એકત્ર કરવા માટે ખૂબ ઉપયોગી છે, કારણ કે જવાબોનું વિશ્લેષણ સરળ અને તુલનાત્મક બને છે.

**ઉદાહરણો :**

1. તમે કોલેજમાં નિયમિત હાજર રહો છો ?
   () હા () ના

2. તમારું પરિણામ કેવું રહ્યું ?
   () ઉત્તમ () મધ્યમ () સારો () નબળો

## અસંરચિત પ્રશ્નાવલી

અસંરચિત પ્રશ્નાવલી એ એવી પ્રશ્નાવલી છે જેમાં પ્રશ્નો ખુલ્લા સ્વરૂપના હોય છે અને તેમના માટે કોઈ નિશ્ચિત જવાબ કે વિકલ્પો આપવામાં આવતા નથી. તેમાં પ્રતિભાવદાતા પોતાના વિચારો, લાગણીઓ અને અનુભવો ને સ્વતંત્ર રીતે વ્યક્ત કરી શકે છે. આ પ્રકારની પ્રશ્નાવલી ગુણાત્મક માહિતી મેળવવા માટે ઉપયોગી બને છે. સંશોધક ને પ્રતિભાવદાતા ની માનસિક સ્થિતિ, દૃષ્ટિકોણ અને ઊંડાણપૂર્વક ના વિચારો સમજવામાં મદદ મળે છે.

ભાનુશાલી કાજલ :- Kajal

## ઉદાહરણો

1. તમારા મતે સારો વિદ્યાર્થી કેવો હોવો જોઈએ ?

2. અભ્યાસ દરમિયાન તમને કઈ મુશ્કેલી આવે છે તે સમજાવો.

## અર્ધ - સંરચિત પ્રશ્નાવલી

અર્ધ-સંરચિત પ્રશ્નાવલીમાં સંરચિત અને અસંરચિત બંને પ્રકારના પ્રશ્નો નો સમાવેશ થાય છે, અને કેટલાક પ્રશ્નો ખુલ્લા સ્વરૂપમાં પૂછવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલી સંશોધક ને આંકડાકીય તેમજ વર્ણનાત્મક માહિતી બંને મેળવવામાં મદદ કરે છે. અર્ધ - સંરચિત પ્રશ્નાવલી વધુ લવચીક હોય છે અને પ્રતિભાવદાતાને પોતાના અભિપ્રાય વ્યક્ત કરવાની તક પણ આપે છે. શિક્ષણ, સમાજશાસ્ત્ર, અને માનસશાસ્ત્રના સંશોધનમાં આ પ્રકારની પ્રશ્નાવલી ઘણી ઉપયોગી સાબિત થાય છે.

## ઉદાહરણો :

1. શું તમે રોજ અભ્યાસ કરો છો ?
   ( ) હા ( ) ના

2. જો હા, તો કેટલો સમય અભ્યાસ કરો છો તે લખો.

3. અભ્યાસ પ્રત્યે તમારો અભિપ્રાય લખો.

ભાનુશાલી કાજલ : Kajal

## ખુલ્લી પ્રશ્નાવલી

ખુલ્લી પ્રશ્નાવલીમાં તમામ પ્રશ્નો ખુલ્લા સ્વરૂપના હોય છે અને પ્રતિભાવદાતા પોતાના શબ્દોમાં જવાબ આપે છે. તેમાં જવાબની કોઈ મર્યાદા ન હોવાથી વ્યક્તિ પોતાના અનુભવો વિચારો અને લાગણીઓને સંપૂર્ણ રીતે રજૂ કરી શકે છે. આ પ્રકારની પ્રશ્નાવલી દ્વારા વિગતવાર અને ઊંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત થાય છે. ખાસ કરીને માનસિક અભ્યાસ, વ્યક્તિત્વ સંશોધન અને સામાજિક અભ્યાસમાં ખુલ્લી પ્રશ્નાવલી ખૂબ ઉપયોગી ગણાય છે.

<u>ઉદાહરણો</u> :

1. તમને તમારો મનપસંદ વિષય શા માટે ગમે છે ?

2. તમારા જીવનને શિક્ષણ કેવી રીતે બદલી છે ?

## બંધ પ્રશ્નાવલી

બંધ પ્રશ્નાવલીમાં પ્રશ્નો સાથે નિશ્ચિત જવાબોના વિકલ્પો આપવામાં આવે છે, અને પ્રતિભાવદાતાએ તેમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવાનો હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલી માં જવાબો ટૂંકા, સ્પષ્ટ અને માપનીય હોય છે. પરિણામે માહિતીનું વર્ગીકરણ અને આંકડાકીય વિશ્લેષણ સરળ બને છે. મોટા પાયે સર્વેક્ષણો અને મતદાન માટે વધારે માત્રામાં બંધ પ્રકારની પ્રશ્નાવલી પદ્ધતિ નો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ પ્રશ્નાવલી માં પ્રશ્નો સામાન્ય રીતે "હા / ના", બહુવિકલ્પો અથવા ક્રમબદ્ધ વિકલ્પો ધરાવતા હોય છે.

ઉદાહરણ :

1. તમે કયા ધોરણમાં અભ્યાસ કરો છો ?
( ) 10 ( ) 11 ( ) 12

2. તમને પરીક્ષાનો તણાવ લાગે છે ?
( ) હા ( ) ના

## મિશ્ર પ્રશ્નાવલી

મિશ્ર પ્રશ્નાવલી એ ખુલ્લી અને બંધ બંને પ્રકારની પ્રશ્નાવલી નું સંયોજન છે. તેમાં કેટલાક પ્રશ્નો વિકલ્પ આધારિત હોય છે અને કેટલાક પ્રશ્નો ખુલ્લા સ્વરૂપમાં પૂછવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલી સંશોધક ને પરિમાણાત્મક ( આંકડાકીય ) તેમજ ગુણાત્મક (વર્ણનાત્મક) માહિતી બંને પ્રકારની માહિતી મેળવવામાં મદદરૂપ થાય છે. મિશ્ર પ્રશ્નાવલી વ્યાપક અને સંતુલિત માહિતી મેળવવા માટે ખૂબ વધારે અસરકારક સાબિત થઈ છે.

ઉદાહરણ :

1. શું તમને શહેરમાં રહેવાનું વધારે ગમે છે ?
( ) હા ( ) ના
તમારા જવાબ નું કારણ લખો.

2. શું તમને ઓનલાઇન શિક્ષણ ગમે છે ?
( ) હા ( ) ના

જો હા હોય તો કારણ લખો.

## શિક્ષણના સંદર્ભમાં પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ :

શિક્ષણ ક્ષેત્રમાં વિદ્યાર્થી, શિક્ષક, શાળા સંચાલન તથા શૈક્ષણિક પ્રક્રિયાથી સંબંધિત વિવિધ માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલી પદ્ધતિ અસરકારક સાધનરૂપે વપરાય છે. આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની અભ્યાસપ્રતિ રૂચિ, અભ્યાસની આદતો, શૈક્ષણિક મુશ્કેલીઓ, ભાવાત્મક સ્થિતિ તથા સામાજિક પૃષ્ઠભૂમિ વિશે સરળતાથી માહિતી મેળવી શકાય છે. એક સાથે મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવાની ક્ષમતા હોવાથી શાળાઓ, તેમજ કોલેજો માં સર્વે, સંશોધન તથા મૂલ્યાંકન માટે તેનો વિશેષ ઉપયોગ થાય છે.

શિક્ષણ ક્ષેત્રમાં પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ શિક્ષણ પદ્ધતિઓની અસરકારકતા માપવામાં પણ થાય છે. શિક્ષકો પોતાની શિક્ષણ પદ્ધતિ, વર્ગખંડ વ્યવસ્થા, પાઠ્યસામગ્રીની સમજ અને વિદ્યાર્થીની પ્રતિક્રિયાઓ વિશે પ્રતિસાદના આધારે શિક્ષણ પ્રક્રિયામાં જરૂરી સુધારા કરી શકાય છે. ઉપરાંત અભ્યાસક્રમ ની રચના, પાઠ્ય પુસ્તકોની ગુણવત્તા અને મૂલ્યાંકન પદ્ધતિઓ અંગે વિદ્યાર્થી તથા શિક્ષકોના અભિપ્રાય મેળવવા માટે પણ પ્રશ્નાવલિ પદ્ધતિ ઉપયોગી સાબિત થાય છે.

શિક્ષણ સંશોધનના ક્ષેત્રમાં પ્રશ્નાવલી પદ્ધતિ મહત્વનું સ્થાન ધરાવે છે. શૈક્ષણિક સમસ્યાઓ, શીખવાની પ્રક્રિયા, બુદ્ધિ, અભિગમ, મૂલ્યો અને અભિપ્રાયો વિશે વૈજ્ઞાનિક રીતે માહિતી એકત્ર કરવા માટે પ્રશ્નાવલી નો ઉપયોગ થાય છે. આમ, શિક્ષણના સંદર્ભમાં પ્રશ્નાવલી પદ્ધતિ માહિતી સંકલન, મૂલ્યાંકન, સંશોધન અને શૈક્ષણિક સુધારાઓ માટે ઉપયોગી સાબિત થઈ છે અને મહત્વની ભૂમિકા ભજવે છે.

અનુશાસ્ત્રી કાજલ :- Kajal

## પ્રશ્નાવલી પદ્ધતિની પ્રક્રિયાના મુખ્ય પાસાઓ :

→ સૌ પ્રથમ વિષયની પસંદગી કરવી.
→ ઉદ્દેશ્ય નક્કી (સ્પષ્ટ) કરવો જોઈએ.
→ સ્પષ્ટ, સરળ અને સમજાય તેવા પ્રશ્નો નક્કી કરવા.
→ પ્રશ્નાવલી બનાવતી વખતે તેમાં યોગ્ય ક્રમબદ્ધતા રાખવી.
→ પ્રશ્નાવલી નું લંબાણ યોગ્ય હોવું જોઈએ. બહુ લાંબી પ્રશ્નાવલી ન રાખવી.
→ પ્રશ્નાવલીમાં પ્રશ્નો ખુલ્લા અને બંધ પ્રશ્નોનું સંતુલન રાખવું
→ પ્રતિભાવ આપનારની ગુપ્તતા અને ગોપનીયતા જાળવી રાખવી.
→ પ્રશ્નાવલી વાપરતા પહેલા તેનું પરિક્ષણ પાયલોટ સ્ટડી [Pilot Testing] કરવું જોઈએ.

## પ્રશ્નાવલી પદ્ધતિ ના લાભ અને ગેરલાભ

### લાભ :

→ ઓછા સમયમાં મોટી સંખ્યામાં વ્યક્તિઓ પાસેથી માહિતી મેળવી શકાય છે.

→ આ પદ્ધતિ અન્ય પદ્ધતિ થી ઓછી ખર્ચાળ છે.

→ આ પદ્ધતિમાં ઉતાવળ વિના જવાબ આપવાની તક મળે છે.

→ કોઈ પણ પ્રશ્નાવલી નો સમાન વિષય અંતરગત તેને ફરીથી ઉપયોગ માં લઈ શકાય છે.

→ અહીં પ્રતિભાવદાતા ઉપર સામાજિક દબાણ ઓછુ રહે છે

ભાનુશાલી કાજલ : Kajal

→ બંધ પ્રશ્નો પરથી આંકડાકીય ગ્રાફ, ચાર્ટ, ટેબલ સરળ બને છે.

→ પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા ઓનલાઇન અને ઓફલાઇન બંને રીતે લોકો પાસેથી માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

<u>ગેરલાભ :</u>

→ અહીં અધૂરા જવાબો મળવાની શક્યતા રહે છે, કેટલાક પ્રતિભાવદાતા સમયસર પ્રશ્નાવલી પાછી આપતા નથી.

→ અશિક્ષિત વ્યક્તિઓ માટે એટલે કે વાંચી-લખી ન શકતા લોકો માટે પ્રશ્નાવલી મુશ્કેલ બને છે.

→ જો પ્રશ્નોમાં સ્પષ્ટતા ન હોય તો પ્રશ્નોની ખોટી ગેરસમજ થાય છે.

→ જવાબ સ્પષ્ટ ન હોય તો પાછળથી પૂછ-પરછ શક્ય નથી.

→ જે લોકોને પ્રશ્નાવલી આપવામાં આવે છે તે બધા જ લોકો જવાબ આપે જ તે શક્ય નથી.

→ પ્રશ્નાવલી માં પ્રશ્નોના જવાબ આપનાર કેટલો ઇમાનદાર છે તે જાણવામાં મુશ્કેલી થાય છે.

→ અહીં પ્રતિભાવદાતાની લાગણી, ભાવ, અને અભિપ્રાય સંપૂર્ણ રીતે પ્રશ્નાવલી દ્વારા વ્યક્ત થતા નથી.

ભાનુશાલી કાજલ: Kajal

## ઉપસંહાર

પ્રશ્નાવલી પદ્ધતિ સંશોધનક્ષેત્રમાં સૌથી સુવિધાજનક, સરળ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓમાંની એક છે. તે મોટા પ્રમાણમાં લોકોમાંથી ઝડપી અને વ્યવસ્થિત રીતે માહિતી એકત્રિત કરવાની તક આપે છે. જોકે, પ્રતિભાવદાતાની સમજ, પ્રશ્નોની રચના અને અભિપ્રાયની સાચી અભિવ્યક્તિ જેવી બાબતોની ગુણવત્તા પર અસર કરી શકે છે. તેમ છતાં પણ યોગ્ય આયોજન, સ્પષ્ટ ભાષા, સંક્ષિપ્ત બંધારણ અને અસરકારક પ્રશ્નોની મદદથી અત્યંત સફળ અને વિશ્વસનીય પરિણામો આપે છે.

તેથી કહી શકાય કે યથાર્થ સંશોધન માટે પ્રશ્નાવલી પદ્ધતિ એક અનિવાર્ય અને અનોખું સાધન છે.

ભાનુશાલી કાજલ :- Kajal

મુલાકાત પદ્ધતિ નું સવિસ્તાર વર્ણવો.

## પ્રસ્તાવના
## Introduction

મનોવિજ્ઞાન માનવ વર્તન અને માનસિક પ્રક્રિયાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. માનસિક પરિબળો અદૃશ્ય હોવાથી તેને સીધો માપવો શક્ય નથી; તેથી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં પણ મુલાકાત પદ્ધતિ એ અત્યંત મહત્ત્વપૂર્ણ અને વિશ્વસનીય ગુણાત્મક પદ્ધતિ છે.

### મનોવિજ્ઞાનની મુખ્ય અભ્યાસ પદ્ધતિઓ

અવલોકન પદ્ધતિ [Observation Method]
પ્રયોગ પદ્ધતિ [Experimental Method]
મુલાકાત પદ્ધતિ [Interview Method]
પ્રશ્નાવલી પદ્ધતિ [Questionnaire Method]
સર્વે પદ્ધતિ [Survey Method]
ટેસ્ટ પદ્ધતિ [Testing Method]
સામગ્રી વિશ્લેષણ [Content Analysis Method]
સમાજમાપન પદ્ધતિ [Sociometric Method]
તુલનાત્મક પદ્ધતિ [Comparative Method]

શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાનમાં, વિદ્યાર્થીના વર્તન, વિચારસરણી, ભાવનાઓ, શૈક્ષણિક મુશ્કેલીઓ, રસ, આદતો અને અનુભવ મેળવવા મુલાકાત પદ્ધતિ સૌથી વધારે અસરકારક માનવામાં આવે છે. મૌખિક સંવાદ દ્વારા પ્રાપ્ત માહિતી ઘણી વખત બાહ્ય સ્રોતો કરતાં વધુ પ્રામાણિક અને ઊંડાણપૂર્વક હોય છે. તેથી શિક્ષકો, સંશોધકો અને કાઉન્સેલરો દ્વારા તેનો વ્યાપક માત્રામાં ઉપયોગ થાય છે.

## મુલાકાત પદ્ધતિ નો અર્થ

મુલાકાત પદ્ધતિ એ સંશોધક અને વ્યક્તિ વચ્ચેનો મૌખિક , સામસામે / વર્ચ્યુઅલ સંવાદ છે. જેમાં સંશોધક તૈયાર કરેલા અથવા ખુલ્લા પ્રકારના પ્રશ્નો દ્વારા વ્યક્તિનાં વિચારો, ભાવનાઓ, માન્યતાઓ, અનુભવો અને વર્તનની માહિતી મેળવે છે. આ પદ્ધતિ માહિતી પ્રાપ્ત કરવાની સૌથી જૂની, જીવંત અને કુદરતી પદ્ધતિઓમાંની એક છે.

**વ્યાખ્યા :-**

→ "નિ:શંક રીતે ગુણાંકન સંશોધન અભ્યાસોમાં માહિતી એકત્રીકરણની સૌથી જૂની અને વધુ ઉપયોગમાં લેવાતી પદ્ધતિએ મુલાકાત છે".
– રોજર્સ અને બૌલો (1966)

→ "મુલાકાત પદ્ધતિ એ માહિતી મેળવવા માટે સંશોધક અને વ્યક્તિ વચ્ચે કરવામાં આવતી હેતુપૂર્ણ મૌખિક વાતચીત છે".

→ "મુલાકાત એ રૂબરૂ આંતર વ્યક્તિગત ભૂમિકાની પરિસ્થિતિ છે. જેમાં એક વ્યક્તિ મુલાકાત લેનાર જેની મુલાકાત લેવાઈ રહી છે, તેને પ્રશ્નો પૂછે છે".

મુલાકાત એક રીતે દર્પણનું કામ કરે છે. કેટલાક માણસો બહુ ઓછું બોલે છે તેથી તેવા માણસો માટે આ પદ્ધતિ ખૂબ ઉપયોગી બનતી હોય છે. ડો. આર. શ્રીનારસ્વામી તેમના પુસ્તક 'Methodology of Research in social science" (1994) માં જણાવે છે તે મુજબ મુલાકાત મુખ્ય પદ્ધતિ કે પૂરક અભ્યાસ પદ્ધતિ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે."

ભાનુશાલી કાજલ :- Kajal

## શૈક્ષણિક સંદર્ભમાં ઉપયોગ થતી મુલાકાત પદ્ધતિ

આ પદ્ધતિ માં શિક્ષક, સંશોધક અથવા માર્ગદર્શક સીધા વિદ્યાર્થી, શિક્ષક, વાલી અથવા શાળા પ્રશાસક સાથે સામસામે સંવાદ કરે છે. શૈક્ષણિક ક્ષેત્રમાં વિદ્યાર્થીઓના શીખવાની મુશ્કેલીઓ અભ્યાસ પ્રત્યેનો અભિગમ, રસ, ક્ષમતાઓ, ભાવનાત્મક સ્થિતિ અને વર્તનને સમજવા માટે મુલાકાત પદ્ધતિ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. પ્રશ્ન - ઉત્તર આધારિત વાતચીત દ્વારા વ્યક્તિના વિચારો અને અનુભવને ઊંડાણપૂર્વક મેળવવાની તક મળે છે.

શિક્ષણ ક્ષેત્રમાં આ પદ્ધતિનો ઉપયોગ ખાસ કરીને માર્ગદર્શન (Guidance) અને પરામર્શ (counselling) માટે થાય છે. વિદ્યાર્થીઓને વિષય પસંદગી, કારકિર્દી માર્ગદર્શન, અભ્યાસમાં પાછળ પડવાનું કારણ અથવા વ્યક્તિગત સમસ્યાઓ સમજવા માટે મુલાકાત લેવામાં આવે છે. તેમજ શિક્ષકો ની શિક્ષણ પદ્ધતિ, શૈક્ષણિક સમસ્યાઓ અને તાલીમની જરૂરિયાત મેળવા માટે પણ મુલાકાત પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે.

આ પદ્ધતિ દ્વારા શૈક્ષણિક સંસ્થાનું મૂલ્યાંકન, શક્ય બને છે. શાળા વ્યવસ્થાપન, શૈક્ષણિક વાતાવરણ, અનુશાસન અને સહપાઠ્ય પ્રવૃત્તિઓ અંગે વાસ્તવિક માહિતી મેળવી શકાય છે. મુલાકાત દરમિયાન હાવભાવ, અવાજનો ટોન અને ભાવાત્મક પ્રતિક્રિયાઓથી વ્યક્તિની મનોદશા સમજવામાં સહાય મળે છે, જેના દ્વારા મુલાકાત પદ્ધતિ શિક્ષણની ગુણવત્તા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## મુલાકાત પદ્ધતિ ના પ્રકારો

મુલાકાત અગત્યની સંશોધન પદ્ધતિ છે. મુલાકાતમાં બે કે તેથી વધુ વ્યક્તિઓ આમને-સામને બેસીને વાતચીત કરે છે. પ્રશ્નાવલિ ટપાલ દ્વારા વ્યક્તિ પાસે પહોંચે છે. જ્યારે મુલાકાતમાં મુલાકાત લેનાર અને મુલાકાત આપનાર સામસામે હોય છે. તેમાં તો 'એક સામે એક' [one to one] મુલાકાત હોય છે.

ચિકિત્સા મનોવિજ્ઞાન માટે મુલાકાત પદ્ધતિ અનિવાર્ય છે. તેમાં ચિકિત્સક પ્રશ્નો પૂછે છે અને અસીલ માહિતી આપે છે. ઇ.સ. 1970 પછી કમ્પ્યુટરના આગમનથી સંશોધન પદ્ધતિઓનું સ્વરૂપ પણ બદલાયું છે. કમ્પ્યુટર પ્રશ્નો પૂછે છે અને સામે વ્યક્તિ તેનો જવાબ આપે છે.

મુલાકાત લેનારને પ્રશ્ન પૂછવામાં કેટલી સ્વતંત્રતા મળે છે તેના આધારે મુલાકાતના પ્રકાર પડાય છે.

| નહિવત | મધ્યમ | સંપૂર્ણ |
|---|---|---|
| 0 | 50 | 100 |

### મુલાકાત ના પ્રકારો નીચે મુજબ છે :

સંરચિત મુલાકાત [structured interview]
અસંરચિત મુલાકાત [unstructured interview]
અર્ધ-સંરચિત મુલાકાત [semi-sturctured interview]
વ્યક્તિગત મુલાકાત [personal interview]
જૂથ મુલાકાત [Group interview]

## સંરચિત મુલાકાત [Structured Interview]

સંરચિત મુલાકાત માં દરેક વ્યક્તિ ને એકસરખા, પૂર્વનિયોજિત, અને ચોક્કસ પ્રશ્નો પૂછવામાં આવે છે. જેથી પ્રશ્નોના તારણ કાઢવામાં સુવિધા થાય. અહિં વિશ્વસનીયતા વધારે હોય છે. જેમ કે નીચે મુજબ પ્રશ્નો પૂછવામાં આવે છે :-

Ex

તમારું નામ અને તમારી ઉંમર શું છે?

તમે રોજ કેટલા કલાક અભ્યાસ કરો છો ?

તમે પરીક્ષાની તૈયારી માટે કઇ રીતનો અભ્યાસ કરો છો ?

આ પ્રશ્નો ફિક્સ અને એકસરખા હોય છે.

## અસંરચિત મુલાકાત [Unstructured Interview]

અસંરચિત મુલાકાત માં દરેક વ્યક્તિને કોઇ નિશ્ચિત પ્રશ્નો પૂછવામાં આવતા નથી. દરેક વ્યક્તિ સમક્ષ અલગ - અલગ સ્વાભાવિક ચર્ચા કરવામાં આવે છે. અગાઉ થી જ પ્રશ્નો અંગેનું માળખુ તૈયાર કરવામાં આવતુ નથી. આ પ્રકારની મુલાકાત માં વધારે ઉંડાણપૂર્વક માહિતી મળે છે. સમય વધારે લાગે છે પણ ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે.

Ex

તમારા જીવનમાં હાલ શું પડકારો ચાલી રહ્યા છે?
શાળામાં તમને કઇ વસ્તુ સૌથી વધુ ગમે છે?
તમને ખુશ આપતી કે દુઃખી બનાવતી કઇ વસ્તુ છે ?

અહિં પ્રશ્નો લવચીક અને પરિસ્થિતિ અનુસાર બદલાતા રહે છે.

ભાનુશાલી કાજલ :- Kajal

## અર્ધ - સંરચિત મુલાકાત [Semi - Structured Interview]

અર્ધ- સંરચિત મુલાકાત માં મુલાકાત લેનાર પાસે કેટલાક પ્રશ્નો તૈયાર હોય છે, પરંતુ વચ્ચે જરૂર પડે ત્યારે વધારાના પ્રશ્નો પણ પૂછી શકાય છે. આ પ્રકારની મુલાકાતમાં બંને - બંધ પ્રકારના પ્રશ્નો અને ખુલ્લા અંતના પ્રશ્નો નો ઉપયોગ થાય છે. આ પદ્ધતિ લવચિક હોવાને કારણે સંશોધન, અને માનસશાસ્ત્ર ક્ષેત્રે વધુ ઉપયોગી છે.

Ex નક્કી પ્રશ્નો :-

તમારો અભ્યાસની આદતો કેવી છે ?
તમે દિવસ ના કાર્ય કઈ રીતે મેનેજ કરો છો ?

પરિસ્થિતિજન્ય ખુલ્લા પ્રશ્નો :-

તમારા પરિવારના સભ્યો તમારા અભ્યાસમાં શું સહયોગ આપે છે ?

તમને એ કોઈ વિષય કઠિન લાગે, તો તમે તે વિશે શું પગલાં લો છો ?

અહીં પ્રશ્નો નક્કી + લવચીક બંને પ્રકારના હોય છે.

## વ્યક્તિગત મુલાકાત [Personal Interview]

વ્યક્તિગત મુલાકાત એક - થી - એક આધારિત મુલાકાત છે. જેમાં માત્ર મુલાકાત લેનાર અને ઉમેદવાર સામસામે બેઠા હોય છે. આ પ્રક્રિયામાં વાતચીત વધુ ઊંડાણપૂર્વક, વિશ્વાસભર્યાં અને વ્યક્તિગત સ્તરે થાય છે.

વ્યક્તિના વિચારો, અનુભવ, કુશળતા અને વર્તનને સારી રીતે સમજવાની તક મળે છે. વ્યક્તિગત મુલાકાત સામાન્ય રીતે નોકરી પસંદગી, તેમજ સોશિયલ વર્ક અને સંશોધન માં ઉપયોગી બનતી હોય છે. તેમા નીચે મુજબના પ્રશ્નો પૂછાતા હોય છે :-

Ex તમારુ માનસિક દબાણ [stress] કેવી રીતે સંભાળો છો ?

તમારા મિત્રો સાથેના સંબધો કેવા છે ?
તમારી શક્તિઓ અને કમજોરીઓ શું છે ?
તમે ભાવાત્મક રીતે ક્યારે નબળા પડો છો ?

આવા પ્રશ્નો દ્વારા વ્યક્તિ અથવાં વિદ્યાર્થી નું ખાનગી, ઉંડાણપૂર્વકનું મૂલ્યાંકન થાય છે.

## ગ્રુપ મુલાકાત [Group Interview]

ગ્રુપ મુલાકાતમાં એક સમયે ઘણા બધા ઉમેદવારો ને સાથે રાખીને મુલાકાત કરવામાં આવે છે. આ પ્રક્રિયા થી ઉમેદવારોની નેતૃત્વ ક્ષમતા ગ્રુપમાં કામ કરવાની કુશળતા, સંવાદ શક્તિ, સંકલન અને સ્વભાવ વિશે મળવાની તક મળે છે. ગ્રુપ સ્થિતિમાં વ્યક્તિ કેવી રીતે પ્રદર્શન કરે છે તે આ મુલાકાત પદ્ધતિમાં સ્પષ્ટ દેખાય છે. અહીં નીચે મુજબના પ્રશ્નો હોઇ શકે જેમ કે,

Ex વર્ગખંડમાં અભ્યાસનું વાતાવરણ તમને કેવું લાગે છે?
ગ્રુપમાં કામ કરતી વખતે તમને કઇ સમસ્યાઓ ઉભી થાય છે ?
વર્ગમાં શિસ્ત પ્રત્યે તમારો અભિપ્રાય શું છે ?

આવા પ્રશ્નો પૂછવાથી ગ્રુપ મુલાકાત માં સમગ્ર ચર્ચા ઉભી કરવામાં આવે છે.

ભાનુશાલી કાજલ :- Kajal

## મુલાકાત દરમિયાન ધ્યાનમાં રાખવામાં આવતા પાસાઓ :-

→ મુલાકાત નો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. કયા મુદ્દાઓ અંગે માહિતી મેળવવી છે. તે નક્કી હોવું જોઈએ.

→ વ્યક્તિગત મત, પૂર્વગ્રહ અથવા ભાવનાત્મક અસરથી દૂર રહેવું.

→ સક્રિય રીતે સાંભળવું.

→ બોડી લેંગ્વેજ, અવાજનો ટોન, આત્મવિશ્વાસ, વગેરેનું નિરિક્ષણ.

→ મુલાકાત નક્કી કરેલા સમય અનુસાર પૂર્ણ કરવી.

→ ઉમેદવારની આપેલી માહિતિ ગોપનીય રાખવી.

## એક સફળ મુલાકાત માટે આવશ્યક પરિસ્થિતિ

**સુલભતા** : શૈક્ષણિક મુલાકાત માટે બાળકો સરળ પ્રશ્નો સ્વરૂપ એવું હોવું જોઈએ બાળક સરળ જવાબ આપી શકે.

**સંજ્ઞાન** : બાળકનો સંપૂર્ણપણે ભણકારો હોવો જોઈએ કયા પ્રશ્નો પૂછવા. અથવા કયા સંદર્ભમાં પૂછવા.

**પ્રેરણા** : મુલાકાતની સફળતા માટે બાળકને જવાબ આપવા માટે પ્રેરિત કરવા.

ભાનુશાલી કાજલ :- Kajal

## મુલાકાત પદ્ધતિના લાભ અને ગેરલાભ

→ મુલાકાત પદ્ધતિ અશિક્ષિત કે અભણ વ્યક્તિની પણ સરળ રીતે લઇ શકાય છે.

→ મુલાકાત પદ્ધતિમાં વર્તન સાથે ભાવનાત્મક સંકેતો નું પણ અવલોકન કરી શકાય છે.

→ મુલાકાત પદ્ધતિ દ્વારા વ્યક્તિ કે વિદ્યાર્થી પાસેથી ગુણાત્મક, ખુલાસે અને પ્રામાણિક માહિતી મળે છે.

→ કોઇ પણ વ્યક્તિની અંગત કે ખાનગી માહિતી મેળવવાનો ઉત્તમ રસ્તો મુલાકાત છે.

→ મુલાકાત દરમિયાન ગેરસમજ અને શંકાઓનું તરત જ નિવારણ કરી શકાય છે.

→ મુલાકાતમાં સૌથી મોટો ફાયદો મુલાકાત લેનાર અને આપનાર વચ્ચેના સાયુજ્યનો સબંધ સ્થાપાય છે.

## ગેરલાભ :

→ મુલાકાત દરમિયાન સમય ખૂબ જ થાય છે અને આર્થિક રીતે પણ તે ખર્ચાળ છે. કેટલીક વાર તેમાં 7-8 કલાક પણ વ્યતિત થાય છે. બર્કલેઇઝમ અને જેરોલોજની મનોવલણ અંગેનો અભ્યાસ આ બાબતનું સમર્થન કરે છે.

→ મુલાકાત દરમિયાન જવાબો વ્યક્તિગત પૂર્વગ્રહોથી પ્રભાવિત થઇ શકે છે.

→ જવાબો ક્યારેક વસ્તુનિષ્ઠ નહિ રહે, એટલે વિશ્વસનીયતા ઘટે છે.

→ કુશળ સંવાદકતા વગર યોગ્ય માહિતી મળવી મુશ્કેલ છે.

→ મુલાકાત દરમિયાન લાંબો વાર્તાલાપ હોય તો ડેટા સાચવવો, ટાંકી રાખવો અને વિશ્લેષણ કરવું મુશ્કેલ બને છે.

→ દરેક વ્યક્તિને એક સરખા પ્રશ્નો પૂછી શકાય તેવું હંમેશાં શક્ય નથી, જેથી વિશ્લેષણ મુશ્કેલ બને છે.

## ઉપસંહાર

મુલાકાત પદ્ધતિની અનેક મર્યાદાઓ હોવા છતાં મુલાકાતનો વિકલ્પ માત્ર મુલાકાત જ છે. તેના જેવી અનન્ય પદ્ધતિ, જેમાં વ્યક્તિ ને પ્રત્યક્ષ મળવાનો તક મળે, તે કોઈ નથી.

મુલાકાત પદ્ધતિ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ગુણાત્મક માહિતી મેળવવાની ખૂબ જ મહત્વપૂર્ણ પદ્ધતિ છે. તેની મદદ થી વ્યક્તિના આંતરિક મન, વિચારો, અને ભાવનાઓનો ઉંડો અભ્યાસ થાય છે. તેમાં ઘણી બધી મર્યાદાઓ હોવા છતાં યોગ્ય આયોજન અને કુશળતા દ્વારા તે ખૂબ અસરકારક સાબિત થાય છે.